| | | | |
|---|---|---|---|
| રામ | સબરી | નિષાધરાજ ગુહ | કેવટ |
| ખિસકોલી | જટાયુ | નલ - નીલ - જામવાન | રામ થી રાષ્ટ્ર |
| દેવ થી દેશ | ધીરજ | રામબીજ | રામ રામ |
| સીયા વર રામ | હનુમાન | | |

सिय राम मय सब जग जानी करहू प्रणाम जोरी जुग पानी ।।

મા.અધ્યક્ષજી મેં જે રામાયણ ની ચોપાઈ કહી એનો અર્થ છે કે આપ સૌ ના હૃદય માં બિરાજિત ભગવાનશ્રી સીતારામને હું વંદન કરું છું.

◦ મા.અધ્યક્ષજી દેશ ના વડાપ્રધાન માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ૧૪૦ કરોડ ની જનતાંને આરામ આપે એવા રામ મંદિરનું નિર્માણ અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ક્રયો છે એમને અભિનંદન આપવા માટે રાજ્યના મુખ્યમંત્રી મા.શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબએ જે પ્રસ્તાવ લાવ્યા છે એમના સમર્થન માં હું મારા વિચારો વ્યકત કરી રહ્યો છું.

◦ મા.અધ્યક્ષજી ભગવાન રામનું મંદિર બનવાથી ભારતની ૧૪૦ કરોડની જનતા માં એક નવી ઊર્જા વહી રહી છે સમયનું કાળચક્ર બદલી રહ્યું છે અને શુભ દિશામાં આગળ વધી રહ્યું છે. એક વખત જે આ દેશની ગણના આ દુનિયા માં સામાન્ય હતી તેમાથી ઉપર ઉઠી અને દેશના વડાપ્રધાન માશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વરદહસ્તે અયોધ્યામાં ભવ્ય રામ મંદિર માં રાજા રામ બિરાજમાનથયા છે ત્યાર થી સમગ્ર વિશ્વની નજર આ દેશ પ્રતે બદલી ગઈ છે.

◦ માઅધ્યક્ષજી આપણી સાંસ્કૃતિક પરંપરામાં જ્યારે વ્યક્તિ એક બીજાને આમ ને સામને આવે છે ત્યારે રામ રામ જયશ્રી રામ કહે છે જય રામજી કી થી એક બીજા નું અભિવાદન કરે છે એનો સીધો સાદો અર્થ છે કે અભિવાદન

કરનારા બન્ને વ્યકતિ ના ગુણ સારા કે નરસા હોઈ શકે તે ગૌણ છે પણ વ્યક્તિની અંદર બિરાજીત ભગવાન રામ એક બીજાને અરસ પરસ રામ રામ કે જયશ્રી રામ સાથે અભિવાદન કરે છે એ જ સીદ્ધ કરે છે કે ઘટ ઘટ મેં રામ.

◦ મા.અધ્યક્ષજી ભગવાન શ્રી રામનું જે ભવ્ય મંદિર બન્યું તે તીર્થધામનું નામ અયોધ્યા છે અયોધ્યાના અનેક અર્થ થાય છે અને તે પૈકી એક અર્થ એટલે કે અ-યોધા એટલે કે જ્યાં યુદ્ધ નથી એ અયોધ્યા એટલે જે દેશ ના વડાપ્રધાન માશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ એ કહ્યું છે કે રામ આગ નથી ઊર્જા છે રામ વિવાદ નથી રામ સમાધાન છે.

◦ દેશ ના વડાપ્રધાન માન્ય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ આ પ્રાણ પ્રતિષ્ઠા ની પૂર્વે અગિયાર દિવસની કઠોર તપસ્યા આદરી હતી જેમાં ભૂમિશયનલ શરુઆતી કેટલાક દિવસ એક ટાઈમ ભોજન તો કેટલાક દિવસ સંપૂર્ણ અપવાસ રાખવાનો નિયમ હતો પરંતુ વડાપ્રધાનશ્રી એ ૧૪૦ કરોડ ની જનતા ના ભલા માટે ઉગ્ર તપસ્યા કરી ૧૧ દિવસ અપવાસ કર્યા અને કેટલાક મંત્રોજાપ સાથે અનુષ્ઠાન પૂર્ણ કરી  પ્રતિષ્ઠા કાર્યની અંદર સંલગ્ન થયાલ પ્રતિષ્ઠા થી પહેલાં ભગવાનશ્રી રામના વનવાસ માં ગયેલા તે પવિત્ર સ્થળો જેવા કે નાસિક પાસે પંચવટીલ કેરળનું ત્રિપ્રયાર મંદિર, આંધ્રનો લેપાક્ષી મંદિર, શ્રી રંગમનું રંગનાથ મંદિર, રામેશ્વર અને ધનુષ્ઠકોડી સુધીની યાત્રાઓ કરી પ્રવિત્ર તીર્થોમાં સ્નાન કરી અને સાગર થી સરયુ સુધી યાત્રા કરી અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જોડાયા.

◦ માન્ય અધ્યક્ષજી અયોધ્યાના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષ્ માં સમગ્ર ભારત વર્ષના ગામે ગામ દરેક ઘર અને દરેક વ્યવસાયિક જગ્યા પર એટલે કે દૂર સુદૂર ગ્રામ્ય વિસ્તારોની અંદર પણ દરેક રહેવાસી પોતાના ઘર પર રામ ધ્વજ ફરકાવેલ હતો ગામે ગામ સવારના પ્રભાત  ફેરી

અને ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ પ્રતિષ્ઠા ના દિવસે ગામે ગામ સમૂહ ભોજન થયા હતા અને જે ભોજન માં કોઇ પણ જાતનો જાતિભેદ ભાષાભેદ ઉચ નીચ ભેદ ભાવ  મુકત બધાએ સાથે મળીને રામ પ્રસાદ સાથે ગ્રહણ કર્યા હતો ગામની અંદર આવેલા નાના મોટા ધાર્મિક સ્થળો માં ભાવ અને શ્રદ્ધા પૂર્વક સ્વચ્છતા અભિયાનો ચાલતા હતા કારણ દરેકના હ્રદય માં બેઠેલો રામ આનંદિત થયો હતો અને દેશ ના વડાપ્રધાન માશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને પ્રતિષ્ઠા મહોત્સવ ના સંદર્ભે આશિર્વાદ આપતો હતો  એ ઘટ ઘટ મેં રામ નું સૂત્ર સાક્ષર કરે છે.

◦ મા.અધ્યક્ષજી રામ મંદિર એટલે શું ? રામ એ પ્રતિષ્ઠા ના દેવ છે ભગવાન રામે પોતાના કાર્યકાળ દરમિયાન જ્યારે ભારત દેશમાં વિચરણ કરતા હતા ત્યારે તેમના જીવનમાં સત્ય, કરુણા, પ્રવિત્રતા, અનુશાસન ને ચરિતાર્થ કરીને બતાવ્યું હતું આપણે પણ સહુએ એમના જીવન માથી પ્રેરણા લેવી ઘટે કે રાજા હોવા છતા પોતાના પિતાના આજ્ઞાને શિરોમાન્ય કરી વનવાસ ગમન કરીને અનેક વનવાસીઓને પોતાને ગળે લગાવ્યા જેમાં કોઇ ઊચ નીચ ભેદભાવ રાખ્યા વગર સૌને સાથે રાખીને ધ્યેય પ્રાપ્ત સુધી મંડ્યા રહ્યા જેનો અર્થ છે સૌનો સાથ સૌનો વિકાસ

◦ આ રામ મંદિર એ આધ્યાત્મિક સ્થાન છે વિશ્વભરના લોકો ખાસ દર્શન માટે ભારત આવશેલ એના કારણે પ્રવાસન ઉદ્યોગ અને આનુસાંગિક કામકાજ માટે ખુબ મોટો ફાયદો થશે જેને કારણે આથિર્ક સ્મૃદ્ધિનો વધારો થશે.

◦ ભગવાન રામ એટલે ધીરજ માઅધ્યક્ષજી ભગવાન રામે પોતાના જીવનમાં ભગવાન હોવા છતાં સીતા મૈયાની શોધ માટે સમુદ્ર પાર જવા માટે સમુદ્રની આગળ હાથ જોડીને વિનંતી કરી ને ત્રણ દિવસ સુધી હાથ જોડીને એનો જવાબ લીધો

- ભગવાન રામ એટલે મર્યાદા રામસેતુના નિર્માણ થી પહેલા રામેશ્વર ની સ્થાપના કરી અને એમાં સ્થાપના કરવા માટે વિદ્વાન બ્રામણ તરીકે રાવણ ને આહુત કરી એટલે સૌને મર્યાદા અને વિદ્વત્તાનો આદર્શ કરતા શિખડાવ્યો
- રાવણ એ પણ રામકાજ માં વિરોધ ન બતાવીને શિવપૂજન માં સામેલ થઈ અને સહકાર આપ્યો હતો અહીં દુઃખની વાત એ છે કે કેટલા પક્ષો રામ મંદિર નો પણ વિરોધ કર્યો હતો ખેર

रघुपति राघव राजा राम पतीत पावन सीताराम कौशल्या नन्दन तेरो नाम सबको सबको संमति दे भगवान।।

- राम रामेति रामेति रमे रामे मनोरमे । सहस्रनाम तत्तुल्यं रामनाम वरानने ॥